# આજે ચીનના પ્રમુખ ઝિંગપીંગનું ભવ્ય સ્વાગત કરાશે

## ભારત અને ચીનમાં પહેલીવાર બે રાજ્યો અને બે શહેરો સિસ્ટર તરીકે જોડાઈ જશે : ત્રણ મહત્વના કરાર થશે



ગાંધીનગર, તા.૧૬

ભારતના પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી પહેલીવાર ગુજરાતની મુલાકાતે આવેલા નરેન્દ્ર મોદી અને ચાઈનાના પ્રેસિડેન્ટ ઝિંગપીંગ વચ્ચેની મંત્રણાને ઈન્ટરનેશનલ લેવલે જોવામાં આવી રહી છે. ૧૭મી સપ્ટેમ્બર-૨૦૧૪ના રોજ મોદીના જન્મદિને યોજાનારી બન્ને દેશોના વડાઓની બેઠકમાં વેપાર-વાણિજ્ય ક્ષેત્રના મહત્વકાંક્ષી ઠરાવો થશે, જેમાં ગુજરાત ઉપરાંત દેશના અન્ય રાજયોમાં ચાઈનાના ઉદ્યોગજૂથોને મૂડીરોકાણ કરવાની તક અપાશે. ખાસ કરીને આ મંત્રણામાં ચાઈના અને ભારતના જમીની વિવાદને લગતા મુદ્દા ઉપર ભાર મૂકવામાં આવે તેવી સંભાવના છે.

ચાઈનાના પ્રેસિડેન્ટ માટે ગુજરાતે તો લાલજાજમ બિછાવી છે. છ કલાકના રોકાણ દરમ્યાન અમદાવાદ સ્થિત હોટલમાં રાજયના ટોચના ઉદ્યોગજૂથો વચ્ચે ઝિંગપીંગનો વાર્તાલાપ થશે. આ બેઠકમાં ૧૮૦ જેટલા ડેલિગેટ્સ ઉપસ્થિત રહેવાના છે. ભારતના વડા-ધાન નરેન્દ્ર મોદી ૧૭મીએ સવારે તેમના માતા હિરાબાના આશીર્વાદ લેવા ગાંધીનગરના સેક્ટર-૨૨ સ્થિત સરકારી આવાસે જશે, ત્યારબાદ બપોરના સમયે ચાઈનાના પ્રેસિડેન્ટનું અમદાવાદના વિમાની મથકે ભવ્ય સ્વાગત કરશે. આ સ્વાગત કાર્યક્રમમાં મોદીની સાથે ગુજરાતના ગવર્નર ઓ.પી.કોહલી અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે રહેશે.

મોદીએ ૧૬મી સપ્ટેમ્બરે જાહેર કર્યુ હતું કે ચાઈનાના પ્રેસિડેન્ટ સાથેની આ મુલાકાતથી બન્ને દેશો વચ્ચેના સબંધો સુધરશે અને તેનો ફાયદો ભારત તેમજ ગુજરાતને થવાનો છે. ચાઈનાનું મૂડીરોકાણ બન્ને દેશોની આર્થિક સ્થિતિને પણ વધુ મજબૂત કરશે.

મોદી બે દિવસ માટે ગુજરાતના મહેમાન બન્યા છે. પહેલો દિવસ તેમણે રાજય સરકારના પ્રધાનો અને પાર્ટીના -દેશ નેતાઓ સાથે ગાળ્યો હતો. તેમણે રાજભવનમાં રાત્રીરોકાણ કર્યુ હતું. આવતીકાલે તેઓ અમદાવાદના રીવરફ્રન્ટમાં ચાઈનીઝ પ્રેસિડેન્ટ સાથે વોક ધ ટોક કર્યા બાદવસ્ત્રાપુરની હોટલ હયાતમાં મહત્વની બેઠકમાં ભાગ લેશે. એ પહેલા ઝિંગપીંગ અને મોદી સાબરમતી સ્થિત ગાંધીઆશ્રમની મુલાકાત લેવાના છે. ગુજરાત સરકાર ચાઈના સાથે વડોદરાના કરજણમાં સ્થપાનારા ચાઈનીઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે એમઓયુ સાઈન થશે.

ભવિષ્યમાં ચીની ઉદ્યોગકારો રોકાણ કરવા ઈચ્છે તો તેમને એકમ સ્થાપવા તથા લોન મેળવી આપવા માટે સહાયરૂપ થવા ગુજરાત સરકાર ચાઈનીઝ ડેવલપમેન્ટ બેન્ક અને સરકારના ઉદ્યોગ વિભાગની નોડલ એજન્સી ઈન્ડેક્ષ્ટ-બી વચ્ચે સમજૂતિ કરાર થશે. ચીનના ઉદ્યોગજૂથો ગુજરાતમાં ટેક્સટાઈલ મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ઝંપલાવવા ઝંખે છે. ચીન સાથે આ ઉપરાંત મેગાસિટી અમદાવાદ અને ઝુઆંગઝાઉં શહેર વચ્ચે તથા ત્રીજો કરાર ચીની રાજય ઝુઆંગડોંગ વચ્ચે દ્વિપક્ષીય આદાન -દાન અને સહકાર માટે થવાનો છે. આ રાજય ચીનનો સૌથી વધુ સમૃદ્ધ -દેશ છે. એટલે કે બન્ને રાજયો તેમજ બન્ને શહેરો વચ્ચે સિસ્ટરસ્ટેટ તેમજ સિસ્ટર રાજયનો દરજ્જો આપવામાં આવશે, જેમાં સાંસ્કૃતિક વારસાની આપલે પણ કરવામાં આવનાર છે.

૧૭મીએ મોડી સાંજે ૭.૩૦ કલાકે ચાઈનાના પ્રેસિડેન્ટ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદના હવાઈમથકે થી નવી દિલ્હી જવા રવાના થશે. ઉલ્લેખનીય છે કે નરેન્દ્ર મોદી સપ્ટેમ્બર મહિનાના અંતમાં ત્રણ દિવસના અમેરિકાના પ્રવાસે છે ત્યારે ચાઈના અને અમેરિકા સાથેની તેમની આ યુતિની ફલશ્રુતિ શું હશે તે પ્રોજેક્ટ થશે.

# પેટાચૂંટણીના પરિણામોથી ભાજપમાં ચિંતા

**નવ પૈકી છ પર ભાજપ અને ત્રણ બેઠકો પર કોંગ્રેસની જીત : વડોદરા લોકસભા બેઠક પર રંજનાબેનની રેકોર્ડ જીત : તમામ બેઠકો જીતી મોદીને જન્મદિવસની મોટી ભેટ આપવામાં ગુજરાતમાં ભાજપ નિષ્ફળ રહ્યું**

અમદાવાદ,તા. ૧૬

લોકસભાની વડોદરા બેઠક અને વિધાનસભાની નવ બેઠકોની પેટાચૂંટણીમાં તમામ બેઠકો જીતવાનુ ભાજપનું સ્વપ્ર આજે રોળાઈ ગયું હતું. તમામ બેઠકો ઉપર જીત મેળવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની ભેટ આપવાના ભાજપના સ્વપ્ર ઉપર પાણી ફરી વળ્યું હતું. કોંગ્રેસે ભાજપના ગઢમાં ગાબડા પાડવામાં સફળતા મેળવી હતી. કોંગ્રેસે ગુજરાતમાં પણ વિધાનસભાની ત્રણ બેઠકો આંચકી લેવામાં સફળતા મેળવી હતી. કોંગ્રેસની ત્રણ બેઠકો ઉપર જીતને પણ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ગુજરાતમાં ભાજપે છ વિધાનસભાની બેઠક અને લોકસભાની વડોદરા બેઠક જાળવી રાખવામાં સફળતા મેળવી હતી પરંતુ ખંભાળિયા, માંગરોડ અને ડિસા વિધાનસભાની બેઠક ભાજપે ગુમાવી દીધી છે. વડોદરા લોકસભાની બેઠક ઉપરાંત મણિનગર, માતર, તળાજા, ટંકારા, આણંદ અને લીમખેડા બેઠક પર ભાજપે જીત મેળવી છે.

### કઈ બેઠક પર કોની જીત

| બેઠકનું | કોંગ્રેસ | ભાજપ |
|---|---|---|
| વડોદરા | નરેન્દ્ર રાવત (હાર) | રંજનબેન ભટ્ટ (વિજેતા) |
| ડીસા | ગોવાભાઈ રબારી (વિજેતા) | લેબાભાઈ પરમાર (હાર) |
| મણીનગર | જતીન કેલ્લા (હાર) | સુરેશભાઈ પટેલ (વિજેતા) |
| ટંકારા | લલિતભાઈ કગથરા (હાર) | બાવનજીબાઈ ( વિજેતા) |
| ખંભાળીયા | મેરામણ મારખીભાઈ (વિજેતા) | મુળુભાઈ બેરા (હાર) |
| માંગરોળ | બાબુભાઈ વાજા(વિજેતા) | લક્ષ્મણભાઈ યાદવ (હાર) |
| તળાજા | પ્રવિણભાઈ વાળા (હાર) | શિવાભાઈ (વિજેતા) |
| આણંદ | કાંતિભાઈ સોઢા પરમાર (હાર) | રોહિતભાઈ પટેલ(વિજેતા) |
| માતર | કાળીદાસ પરમાર (હાર) | કેસરીસિંહ સોલંકી(વિજેતા) |
| લીમખેડા | છત્રસિંહ મેડા (હાર) | વિંછીયાભાઈ (વિજેતા) |

ગુજરાતમાં ૧૩મી સપ્ટેમ્બરના દિવસે પેટાચૂંટણી યોજાઈ હતી. જે બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ખાલી કરવામાં આવી હતી તે પ્રતિષ્ઠાજનક વડોદરા લોકસભાની બેઠક ભાજપે જાળવી રાખી હતી. આ બેઠક પર રંજનાબેન ભટ્ટે કોંગ્રેસના નરેન્દ્ર રાવત ઉપર ૩.૨૯ લાખ મતે જીત મેળવી હતી. આજે સવારે ભારે ઉત્તેજના વચ્ચે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. આની સાથે જ શરૂઆતી પ્રવાહ મળવાની પણ શરૂઆત થઈ ગઈ હતી. પેટાચૂંટણી માટે ખુબ ઓછુ મતદાન થયા બાદ ભાજપ અને કોંગ્રેસ બન્ને પાર્ટીમાં પહેલાથી જ ભારે સસ્પેન્સની સ્થિતી

● અનુસંધાન પાન-૭ પર

# આજે પ્રધાનમંત્રી મોદીનો જન્મદિવસ માતા હીરાબાના આર્શીવાદ લેશે

**સવારે ૯ કલાકે સે-૨૨સ્થિત નિવાસ્થાને પહોંચશે પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી શહેરમાં ઉત્સાહનો માહોલ**

ગાંધીનગર, તા.૧૬

હેપ્પી બર્થ ડે ટુ પી.એમ.... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આજે ૬૫મો જન્મદિવસ છે. પ્રધાનમંત્રી બન્યા બાદ પ્રથમવાર આજે પી.એમ. ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આજે સાંજે અડાલજ ત્રિમંદિર ખાતે તેમણે પક્ષના કાર્યકરોને સંબોધન કર્યુ હતું. ૧૭મીએ જન્મદિવસ નિમિત્તો પી.એમ. સવારે ૯-૦૦ કલાકે સે-૨૨ સ્થિત તેમની માતા હીરાબાના નિવાસસ્થાને પહોંચી તેમના આર્શીવાદ લેશે.



માતા હીરાબા તેમને લાડુ ખવડાવી મોં મીઠું કરાવશે. પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી સે-૨૨માં હીરાબાના નિવાસસ્થાન આસપાસના સમગ્ર વિસ્તારમાં હાઈ સિકયુરીટી વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે.

નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યા બાદ ચાર મહિનાના અંતે પ્રથમવાર ગુજરાતની મુલાકાતે આવ્યા છે. આ દરમિયાન ૧૭ સપ્ટેમ્બરના રોજ તેમનો જન્મદિવસ પણ હોવાથી પી.એમ.ના આગમનથી ઉત્સાહ બેવડાયો છે. આજે બપોરે પ્રધાનમંત્રી અમદાવાદ એરપોર્ટથી સીધા અડાલજ ત્રિમંદિર પહોંચ્યા હતા જયાં મોટી સંખ્યામાં ઉપસ્થિત પક્ષના કાર્યકરોને પી.એમ.એ સંબોધન કર્યુ હતું. ૧૭મીએ પ્રધાનમંત્રીનો ૬૫મો જન્મદિવસ છે. જયારે જન્મદિવસ નિમિત્તે દર વર્ષની જેમ નરેન્દ્ર મોદી તેમની માતા હીરાબાના આર્શીવાદ લેશે. આ વખતે પ્રધાનમંત્રી પદે બિરાજમાન થયા બાદ પ્રથમવાર જન્મદિવસ નિમિત્તે માતાના આર્શીવાદ લેવા આજે સવારે ૯ કલાકે સે-૨૨ ખાતે હીરાબાના નિવાસ સ્થાને પહોંચશે. આ પૂર્વે લોકસભાની ચૂંટણીના અંતે ગુજરાતમાંથી વિદાય લેતા તેમણે માતા હીરાબાના આર્શીવાદ લીધા પણ સે-૨૨માં પ્રધાનમંત્રી આવવાના હોવાથી સેકટરના સ્થાનિક રહીશોમાં પણ વિશેષ ઉત્સાહનો માહોલ છવાયો છે. જયારે પી.એમ.ને લઈ સે-૨૨ના સમગ્ર વિસ્તારમાં હાઈસિકયુરીટી વ્યવસ્થા ગોઠવી દેવાઈ છે. જન્મદિવસ નિમિત્તે માતાના આર્શીવાદ લઈ મોદી રાજભવન થી મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમમાં હાજરી આપશે.

# અમદાવાદ એરપોર્ટ પર વડાપ્રધાનનું શાનદાર સ્વાગત

**ગુજરાતનો ૧૪ વર્ષનો અનુભવ કામમાં આવ્યો છે : નરેન્દ્ર મોદી : કાર્યકરોની મહેનતથી કેન્દ્રમાં સરકાર બની : ગુજરાત સરકાર વધારે તેજીથી કલ્યાણમાં લાગેલી છે :ગુજરાતીઓ માટે હું વડાપ્રધાન નહીં નરેન્દ્રભાઈ છું**

અમદાવાદ,તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બપોરે અમદાવાદ આવી પહોંચ્યા બાદ તેમના ભરચક કાર્યક્રમોની શરૂઆત થઈ ગઈ હતી. નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા બાદ એરપોર્ટ ખાતે ઉભા કરાયેલા ડોમથી સંબોધન કર્યું હતું. ત્યારબાદ અડાલજ નજીક ત્રિમંદિર ખાતે પણ કાર્યકરો અને લોકોને સંબોધન કરીને વિકાસની વાત કરી હતી. સાથે સાથે દેશને નવી ઉંચાઈ પર લઈ જવાની કટિબદ્ધતા દોહરાવી હતી. વિમાની મથકે ભવ્ય સ્વાગત બાદ મોદીએ ગુજરાતની જનતા, સાથી નેતાઓ અને કાર્યકરોનો આભાર માન્યો હતો.

એરપોર્ટ પર ભવ્ય સ્વાગત બાદ અડાલજ ત્રિમંદિર ખાતે ભવ્ય સંત્કાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે, હું ક્યા પણ રહું તમે મારા દિલમાં છો. ચીનના પ્રમુખ અમદાવાદ આવે તેનું કારણ દેશવાસીઓએ આપેલા પૂર્ણ બહુમતિ હોવાની વાત કરી મોદીએ લોકોના દિલ જીતી લીધા હતા. વતનના લોકો સ્વાગત કરે એનો આનંદ અનેરો હોય છે. એરપોર્ટ પર અનુભવ દિલ્હીમાં ખુબ કામ લાગી રહ્યો છે. મોદીએ એમ પણ કહ્યું હતું



આયોજિત કાર્યક્રમમાં મોદીએ કહ્યું હતું કે, ગુજરાતનો ૧૪ વર્ષનો કે, ગુજરાત સરકાર તેમની

● અનુસંધાન પાન-૬ પર

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
પાર્કિંગ પ્લોટનો કોન્ટ્રાક્ટ
...
www.wr.indianrailways.gov.in
147


## નરેન્દ્ર મોદીએ શું કહ્યું

**એરપોર્ટ અને ત્રિમંદિર ખાતે સંબોધન કર્યું : વતનના લોકો સ્વાગત કરે તેનો આનંદ અનેરો : મોદી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ પહોંચ્યા બાદ વિમાની મથક અને ત્યારબાદ અડાલજ ત્રિમંદિર ખાતે સંબોધન કર્યુ હતું જેમાં લોકોના દિલ જીતી લીધા હતા. મોદીએ શું કહ્યું તે નીચે મુજબ છે.

- ગુજરાતનો ૧૪ વર્ષનો અનુભવ દિલ્હીમાં કામે આવ્યો છે
- વતનના લોકો સ્વાગત કરે તેનો આનંદ અનેરો હોય છે
- ગુજરાત મોદી કે આનંદીબેન પટેલના ભરોસે નહીં પરંતુ જનતાના પરિશ્રમના કારણે ચાલશે
- ગુજરાત સરકાર અગાઉ કરતા પણ વધુ ઝડપથી જનકલ્યાણના કામે લાગેલી છે
- ગુજરાતીઓની મહેનત અને સાથ એજ આપણી તાકાત છે
- સરકાર દેશના વિકાસ માટે કટિબદ્ધ છે
- ગુજરાતીઓ માટે હું વડાપ્રધાન નહીં નરેન્દ્રભાઈ છું
- ગુજરાતી લોકો હંમેશા મારા દિલમાં છે અને રહેશે
- ગુજરાતની વિકાસ યાત્રા એજ ગતિથી આગળ વધી રહી છે
- રાજ્યમાં પણ પૂર્ણ બહુમતિવાળી સરકારો બનવી જોઈએ
- જનધન યોજનાથી લોકોને તેમનો અધિકાર મળ્યો છે
- ચીનના પ્રમુખ અમદાવાદ આવે તે ગુજરાતનું બહુમાન ગણાય
- કોઈપણ ભેદભાવ વિના દરેક રાજ્યોનો વિકાસ કરવાના પ્રયાસો કર્યા છે
- ભારતમાં અનેક ક્ષેત્રે ઉજ્જવળ તકો રહેલી છે
- કાર્યકરોની સખત મહેનતથી કેન્દ્રમાં સરકાર બની છે
- ભારતની વિશેષતા મુખ્ય શક્તિ છે
- ભાજપે લોકોનો વિશ્વાસ જીતવા ત્રણ દાયકા મહેનત કરી હતી
- હું ગુજરાત ભાજપનો આભાર માનું છું
- દેશના વિકાસને નવી ઉંચાઈ ઉપર લઈ જવા સરકાર કટિબદ્ધ છે
- સાથીઓ સાથે મળીને કામ કરવાનું સૌભાગ્ય મળ્યું

## શબ્દાવલી - ૫૫૦૭



### આડી ચાવી

૧. અઢળક, પુષ્કળ (૪)
૪. ખાટકી, નિર્દય રીતે હત્યા કરનાર (૩)
૬. હિંમત, તાકાત (૨)
૭. એક પક્ષીની જોડ જે હંમેશા સજોડે જ જીવે છે (૩)
૯. નાના બાળકની હસવાની ક્રિયા, ખિલખિલાટ (૪)
૧૧. લપસણી (૫)
૧૨. નાગલોકને.... લોક પણ કહેવાય છે (૩)
૧૩. જન્મદિવસની ઉજવણી(૫)
૧૬. સ્વાહા કરી જવું, ... કરી જવું (૩)
૧૮. બરબાદ (૪)
૧૯. સમાચાર (૩)

### ઊભી ચાવી

૧. જેની કોઇ મિસાલના હોય તેવું (૪)
૨. ગુજરાતી બીજો મહિનો(૪)
૩. ... કરવું, પ્રસ્તુત કરવું(૨)
૪. ... વ્યક્તિને યોગ્ય સારવાર આપવી જોઇએ (૩)
૫. 'ફકીરી' શબ્દ આડોઅવળો (૩)
૮. પ્રવાહી (૨)
૯. હવે તો મહિલાઓ ફુરસદના સમયે... કરે છે (૪)
૧૦. ... કાઢી નામવું, મારી નાખવું (૩)
૧૪. ઘુંઘરું, ઝાંઝર (૩)
૧૫. કપડુ (૩)
૧૬. વાયરો, પવન (૨)
૧૭. 'વડ' શબ્દ ઊંધો (૨)

### શબ્દાવલી ૫૫૦૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઓરમાન (૩) ખાતરી (૫) થપાટ (૬) ખાતર (૮) શોભા (૯) ફરમાન (૧૨) કંતાન (૧૩) ગજ (૧૫) સંસાર (૧૬) રમત (૧૮) તર (૧૯) મારીચ (૨૧) દિનચર્યા

**ઊભી ચાવી :-** (૧) ઓળખાણ (૨) નથ (૩) ખાટ (૪) રીતભાત (૭) રફતાર (૧૦) રન (૧૧) નગરચર્યા (૧૨) કંસાર (૧૪) જમ (૧૫) સંતતિ (૧૭) તપસ્વી (૧૯) માન (૨૦) રીચ

ગરબા સ્થળ
બાલનગરી ગ્રાઉન્ડ, ઘ-રોડ, સેક્ટર-૬, ગાંધીનગર

નવલી નવરાત્રી ૨૦૧૪
૨૫ સપ્ટેમ્બર થી ૩ ઓક્ટોબર

વિશાળ સાંસ્કૃતિક ઉત્સવમાં વ્યાપારિક સંપર્ક વધારવાની અજોડ તક

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

ફૂડ સ્ટોલ્સ, ડીસ્પ્લે સ્ટોલ્સ, હોર્ડીંગ્સ-બેનર્સ, LED સ્ક્રીન જાહેરાત તથા ઈનામો માટે સંપર્ક કરો

ફૂડ સ્ટોલ્સ ડીસ્પ્લે સ્ટોલ્સ માટે સંપર્ક | વિગતો સાથેની અરજી તા. ૧૯-૦૯-૨૦૧૪ સુધીમાં કાર્યાલય ખાતે પહોંચાડવી

ડો. પિયુષ દવે 96240 04380 | રાજન શાહ 98240 54940 | નિતુ વ્યાસ 99099 46064 | મુંજાલ રાવલ 98792 78295

હોર્ડીંગ્સ-બેનર્સ આપવા માટે સંપર્ક
ડો. રાજેશ શાહ 99250 08630 | પ્રકાશ શાહ 99784 06534 | ચેતના બુચ 98258 16018 | સુકેતુ મહેતા 98252 92041

LED સ્ક્રીન જાહેરાત માટે સંપર્ક
જ્યોતિન્દ્ર વ્યાસ 98250 11227 | રાજન શાહ 98240 54940 | નિતુ વ્યાસ 99099 46064

ઈનામ-ભેટ આપવા માટે સંપર્ક
પંકજ દેસાઈ 99254 60460 | ગુંજન વોરા 98790 29511 | મંથન ભટ્ટ 94284 15399

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
C/O ગાંધીનગર સમાચાર કાર્યાલય ૬૮૪/૧, સેક્ટર - ૮, ગાંધીનગર.
ફોન - 079-23222571, 23237571, ફેક્સ- 079-23230571
PARAM

## બેસણું



અમારા પૂજ્ય મોટાભાઈ **શ્રી પ્રવિણકુમાર વિઠ્ઠલરાવ બાલપાંડેનું** દુઃખદ અવસાન રવિવાર તા. ૧૪/૯/૨૦૧૪ના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૮/૯/૨૦૧૪ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૭ કલાક** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭સી, ગાંધીનગર**

લિ.

| | |
|---|---|
| રજનીબેન પ્રવિણકુમાર બાલપાંડે (પત્ની) | વિષ્ણુરાવ બી. બાલપાંડે (કાકા) |
| મિતરાજ પ્રવિણકુમાર બાલપાંડે (પુત્ર) | સાહેબરાવ જી. બાલપાંડે (ભાઈ) |
| ઝિન્કલ પ્રવિણકુમાર બાલપાંડે (પુત્રી) | ભાસ્કરાવ વિઠ્ઠલરાવ બાલબાંડે (ભાઈ) |
| મહેન્દ્ર વિઠ્ઠલરાવ બાલપાંડે (ભાઈ) | કલ્પેશ વિષ્ણુરાવ બાલપાંડે (ભાઈ) |